# ૨૦૧૯ની ચૂંટણી યુવા પેઢીનું ભાવી નક્કી કરશે : નરેન્દ્ર મોદી

**- પાંચ વર્ષ સુધી ઇમાનદારીપૂર્વક આપની છાતી ફૂલે એવું કામ કર્યુ છે : સરદાર વલ્લભભાઈ અને ગાંધીના આ ગુજરાત મારી પડખે ઊભું છે એ મારી તાકાત છે**





હિંમતનગર, તા. ૧૭

વર્ષ ૨૦૧૯માં સમગ્ર દેશમાં ૭ તબક્કામાં યોજાનાર લોકસભાની ચૂંટણી ભારતના ભાવિ પેઢીનું ભવિષ્ય નક્કી કરનાર છે. ત્યારે દેશની સવા સો કરોડ પ્રજાએ વર્ષ ૨૦૧૪માં જે વિશ્વાસ નરેન્દ્ર મોદી પર મુક્યો હતો તેને પરીપૂર્ણ કરવામાં મારી સરકારે તમામ પ્રયત્નો કર્યા છે. ત્યારે આ વખતે દેશમાં મજબુત ચોકીદારની પસંદગી કરીને ફરીથી તક આપવા માટે અપીલ કરવા બુધવારે હિંમતનગરમાં આવેલા દેશના વડાપ્રધાને ગુજરાતી ભાષામાં લહેકા અને ગ્રામીણ જીવન શૈલીને વણી લેતી વાતો કરીને ઉપસ્થિત લોકોના દિલ જીતી લઈને ગુજરાતની ૨૬ બેઠકો માટે તા. ૨૩ એપ્રિલે યોજાનાર મતદાનમાં વધુમાં વધુ મતદાન કરવા માટે અપીલ કરી હતી. જેને લઈને સભામાં ઉપસ્થિત લોકોએ મોદીના નારા બોલાવતા ખુદ નરેન્દ્ર મોદીને ૪૫ મિનિટના ભાષણમાં દસથી વધુ વખત અલ્પવિરામ લેવો પડ્યો હતો. પ્રવચન દરમિયાન તેમણે કોંગ્રેસને આડેહાથ લેવાની એકપણ તક જતી કરી ન હતી અને જામીન પર છુટેલા પરીવાર પર વાકબાણ ચલાવ્યા હતા.

લોકસભાની ચૂંટણીના પ્રચારકે બુધવારે બીજા તબક્કામાં ગુજરાતના પ્રવાસે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના નિર્ધારીત સમય કરતા અંદાજે દોઢ કલાક મોડા આવ્યા હોવા છતા સાબરકાંઠા અને અરવલ્લીની પ્રજાએ ભર ઉનાળે ગરમી સહન કરીને સહનશીલતા દાખવીને ગજ્જુની ધીરજના દર્શન કરાવ્યા હતા. વડાપ્રધાનને સાંભળવા માટે અધિરા બનેલા લોકોએ તેઓ જ્યારે મંચ ઉપર ઉપસ્થિત થયા ત્યારે ચોકીદાર આયા, ચોકીદાર આયા તથા હરહર મોદીના નારા સાથે તેમના વધામણા કર્યા હતા. ત્યારબાદ ગુજરાતીને છાજે તેવી અભિવાદન જીલીને તેઓએ પોતાનું પ્રવચન કેમ છો મજામાં તેવા લહેકા સાથે શરૂ કરતા ઉપસ્થિત લોકો આનંદવિભોર બની ગયા હતા.

પ્રવચન દરમિયાન નરેન્દ્ર મોદીએ મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ તથા સાબરકાંઠા જિલ્લા બેઠક પરથી ચૂંટાયેલા સરદાર વલ્લભભાઈ પટેલના પુત્રી સ્વ. મણીબેન પટેલને યાદ કરીને તત્કાલિન કોંગ્રેસ સરકારે તેમની ગુજરાતીઓ પ્રત્યેની સૂગના દર્શન કરાવ્યા હતા. તત્કાલિન સમયે સરદાર પટેલ અને મહાત્મા ગાંધીની કોંગ્રેસને યાદ કરી જણાવ્યુ હતુ કે તે સમયે વંશવાદ, પરીવારવાદ કેવો હતો તેનો ચિતાર રજુ કર્યો હતો.

૪૫ મિનિટના ભાષણમાં વડાપ્રધાનો તેઓએ ગુજરાતી હોવાનો અહેસાસ કરીને ભૂતકાળને યાદ કરાવતા કહ્યુ હતુ કે જ્યારે ગુજરાતમાં છાશવારે ખુનામરકી, તોફાનો, કરફ્યુ અને આગચંપીને લીધે ગુજરાત અશાંતિ અનુભવતુ હતુ પરંતુ ભાજપનુ શાસન આવ્યા બાદ આજની યુવા પેઢી તે બધાને ભુલી ગઈ છે. વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૯ દરમિયાન કેન્દ્રની સરકારે આવાસ, મોંઘવારી, પાણીની અછત તથા અન્ય મુદ્દાઓને લઈને કરેલી કામગીરીની ઝાંખી રજુ કરીને ફરીથી ૨૦૧૯માં મજબુત ચોકીદારને દિલ્હીના દરબારમાં મોકલવા માટે અપીલ કરીને ફરીથી ગુજરાતની ૨૬ બેઠકો જીતીશુ તેઓ આશાવાદ વ્યક્ત કરતા ઉપસ્થિત જનમેદનીએ એકબાર ફીર મોદી સરકારના નારા સાથે સભા મંડપ ગજવી દીધો હતો.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વિરોધ કરે તે પહેલા કરાર આધારિત સર્વ શિક્ષા અભિયાન પ્રમુખ અમિત કવિની અટકાયત

ગુજરાતની ૨૬ લોકસભાની ચૂંટણીના પ્રચારને આડે હવે માત્ર ૫ દિવસ બાકી રહ્યા છે. સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે કાંટે કી ટક્કર છે ત્યારે આજે થોડાક જ કલાકોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાબરકાંઠાના હિંમતનગર ખાતે સભાને સંબોધન કરવાના છે. મંગળવારે સર્વ શિક્ષણ અભિયાનના કરાર આધારિત કર્મચારીઓએ હિંમતનગર ખાતે વિરોધ પ્રદર્શન કરી વડાપ્રધાન નરેન્દ્રમોદીની સભામાં વિરોધ પ્રદર્શની ચીમકી આપતા ફફડી ઉઠેલા વહીવટીતંત્ર અને પોલીસતંત્રએ પ્રમુખ અમિત કવિની મોડાસા ટાઉન પોલીસે અટકાયત કરી નજર કેદ કરી લીધા હતા.

ગુજરાતમાં ફરજ બજાવતા સમગ્ર શિક્ષા અભિયાનના કરાર આધારિત કર્મચારીઓ પણ તેમની પડતર માંગણીઓ લઈ સરકાર સામે બાયો ચઢાવી હતી. અને સરકાર સામે વિવિધ રીતે વિરોધ પ્રદર્શન નોંધાવી પ્રમુખ અમિત કવિએ મુંડન કરાવી વિરોધ નોંધાવ્યા બાદ સાબરકાંઠા જીલ્લામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બુધવારે યોજાનાર જાહેરસભાનો સર્વ શિક્ષા અભિયાનના કરાર આધારિત કર્મચારી સંગઠનના પ્રમુખ અને કર્મચારીઓએ બહિષ્કાર કરવાની સાથે વિરોધ પ્રદર્શનની ચીમકી ઉચ્ચારાતા મોદીની જાહેરસભામાં હોબાળો થાય અને આરાજકતા સર્જાય તે પહેલા મોડાસા ટાઉન પોલીસે પ્રમુખ અમિત કવિને તેમના મોડાસાના રહેઠાણ સ્થળેથી ઉઠાવી લીધા હતા અને મોદીની જાહેરસભા પૂર્ણ ન થાય ત્યાં સુધી નજર કેદ કરવામાં આવ્યા હતા.

અમિત કવિના જણાવ્યા અનુસાર સમાન કામ સમાન વેતનના મુદ્દે ૨૦ હજારથી વધુ કર્મચારીઓના ન્યાય નહિ મળે ત્યાં સુધી સરકાર સામે વિરોધ પ્રદર્શન યથાવત રહેશે તેવું જણાવ્યું હતું.

## બેચરાજી ચૈત્રી મેળાનો પ્રારંભ





મહેસાણા, તા. ૧૭

ચૈત્રી પુનમે મા ત્રિપુરાસુંદરીના ચોથા પ્રાગટ્ય સ્વરૂપે બેચરાજી ખાતે માઈ ભક્તો દર્શનાર્થે આવે છે. ચૈત્રી માસ ભક્તિ માટે મહત્વનો માસ છે. તેમાં ચૈત્રી પુનમનું મહત્વ અનેરૂ વધી જાય છે. પ્રતિ વર્ષે યોજાતા ચૈત્રી પૂનમનો મેળો આ વર્ષે ૧૭ થી ૧૯ એપ્રિલ દરમિયાન યોજાનાર છે. ચૈત્રી પુનમના મેળાનો પ્રારંભ જિલ્લા કલેકટર એચ.કે. પટેલ દ્વારા કરાવ્યો હતો. જે પ્રસંગે અધિકારીઓ અને ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ચૈત્રી પુનમના મેળા માટે આવતા યાત્રિકોની સુવિધા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સુખાકારી સગવડો કરવામાં આવી છે.

ચૈત્રી પુનમના મેળાનું વિશેષ મહત્વ રહેલું છે. ચુંવાળ પંથકમાં મા બાલાસુંદરીના દર્શનાર્થે લાખો ભક્તોનો ઘોડાપૂર આવે છે. ભક્તોની સુવિધા માટે વહીવટીતંત્ર પ્રયત્નશીલ છે. મેળામાં યાત્રિકોને મુશ્કેલી ન પડે તે માટે વહીવટીતંત્ર દ્વારા વિવિધ સગવડો ઉપલબ્ધ કરાવી છે. ભક્તોની સુખ સગવડ માટે વિવિધ કમીટીઓ કાર્યરત છે.

## સાબરકાંઠામાં વાવાઝોડાએ ઘઉંનો ડાટ વાળ્યો

**અંદાજે ત્રણ હજાર હેક્ટરથી વધુ જમીનમાં કાંપણી કરીને પડેલા ઘઉં ઉડી ગયા : ખેડબ્રહ્મા તાલુકામાં વીજ થાંભલા નીચે દબાઈ જતા એકનુ મોત**

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લામાં મંગળવારે ચૈત્રમાસમાં સર્જાયેલા અષાઢી માહોલ જેવુ વાતાવરણ સર્જાતા દિવસ દરમિયાન ફૂંકાયેલા જોરદાર વાવાઝોઝાને કારણે પવન સાથે વરસાદ તુટી પડતા ખાસ કરીને જિલ્લામાં અંદાજે ત્રણ હજાર હેક્ટર કરતા વધુ જમીનમાં ખેડૂતોએ કાપણી કરીને મુકેલા ઘઉં તેના ઘાસ સાથે પવનની ઝાપટથી દુરદુર સુધી ફંગોળાઈ જતા બિચારા ખેડૂતોની હાલત ન કહેવાય કે ન સહેવાય તેવી થઈ ગઈ હતી. જોકે સાબરકાંઠામાં વાવાઝોડાથી થયેલા નુકશાન અંગે સર્વે કરવા માટે સરકાર દ્વારા આદેશ કરાયા છે પરંતુ તે સર્વે ક્યારે પુર્ણ થશે અને અસરગ્રસ્તોને શુ મળશે તે અંગે હાલ તો પ્રશ્નાર્થ મુકાયો છે. જિલ્લામં વીજ થાંભલા નીચે દટાઈ જતા એક ઈસમનુ મોત નિપજ્યુ હતુ જ્યારે બે ભેંસોના મોત નિપજ્યા હોવાનુ ડિઝાસ્ટર વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

મંગળવારે બપોર બાદ સાબરકાંઠા જિલ્લામાં વાતાવરણમાં આવેલા પલ્ટાને લીધે પવન અને ગાજવીજ સાથે શરૂ થયેલા વરસાદે જિલ્લાના હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ તાલુકા સહિત અન્ય સ્થળે કાળો કેર વર્તાવી દીધો હતો. સાંજે એકાએક શરૂ થયેલો વરસાદ ઝાપટા સ્વરૂપે ચાલુ રહેતા અનેક સ્થળે વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતોજેના લીધે કલાકો સુધી લોકોને અંધારામાં રહેવાનો વકત આવ્યો હતો.

વાવાઝોડાને કારણે ખેડબ્રહ્મા તાલુકાના ચાંડાથી નીચીધનાલ જતા રોડ પર થઈને જઈ રહેલા ૨૦વર્ષિય મોતીભાઈ દેસાઈ પર અચાનક વીજપોલ પડતા દબાઈ જવાને કારણે તેમનુ મોત નિપજ્યુ હતુ તેજ પ્રમાણે હિંમતનગર તાલુકાના ૬ દેરોલ ગામે રહેતા ઝાલા ભરતસિંહની ભેંસ પર લીમડાનુ ઝાડ પડતા તેનુ દટાઈ જવાના કારણે મોત નિપજ્યુ હતુ તથા ઈડર તાલુકાના મણીયોર ગામે રહેતા એક પશુપાલકની ભેંસ અચાનક કુવામાં પડી જતા તેનુ મોત નિપજ્યુ હતુ. સાથોસાથ પ્રાંતિજ તાલુકાના વદરાડ ગામે તળાવ નજીક રહેતા સુખાજી મકવાણાએ ભેંસો માટે બનાવેલ તબેલાની છત ઉડી જતા નુકસાન થવા પામ્યુ છે. દરમિયાન ગુજરાતમાં સાબરકાંઠા સહિત અન્ય સ્થળે વાવાઝોડાએ વર્તાવેલા કહેર બાદ રાજ્ય સરકાર તરફથી મૃતકના પરીવારોને રૂ. ૨ લાખની તથા કેન્દ્ર સરકાર દ્વારા પણ વધુ ૨ લાખની સહાય આપવાની જાહેરાત કરાઈ છે તથા વાવાઝોડાથી થયેલા નુકસાનનો સર્વે કરવા માટે અસરગ્રસ્ત તાલુકાઓમાં ફરજ બજાવતા તલાટીઓને જવાહબદારી સોંપાઈ છે જેને લીને તલાટીઓને માથે ચૂંટણી ઉપરાંત સર્વેની કામગીરીનું ભારણ વધી ગયુ છે.

## તલોદ બજાર વિસ્તારમાં ઘેરી બનતી ટ્રાફિક સમસ્યા





તલોદ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના તાલુકામથક તલોદના બજારમાં ટ્રાફિકની સમસ્યા ઘણા સમયથી માથાના દુખાવારૂપ બની બેઠી છે. ટ્રાફિકની આ સમસ્યાને હલ કરવા પોલીસ અને પ્રજા બંનેની જાગૃતિ અનિવાર્ય છે. તેમાંય વળી પોલીસની કામગીરી આ બાબતે અહીં લગભગ નિષ્ફળ રહેવા પામી છે. જેથી આમપ્રજાની હાલત કફોડી બની છે. આજે તલોદના બજારમાં અને ટાવર વિસ્તારના રોડમાર્ગ ઉપર ઉદ્‌ભવેલી ટ્રાફિકની સમસ્યા ભારે યાતનારૂપ બની હતી. વાહનચાલકો, રાહદારીઓ, વેપારીઓ, વિદ્યાર્થીઓ અને માલના ખરીદ-વેચાણ માટે આવેલા ખેડૂતો વગેરે આ ટ્રાફિકની સમસ્યાથી ભારે ત્રાહિમામ બન્યા હતા. જેઓ ટ્રાફિકમાં ફસાયા હતા.

તલોદ ટાવર વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા વણઉકલી અને આપદાભરી બની રહી છે. સીઝનમાં જ્યારે માર્કેટયાર્ડમાં વધુ માલ આવે ત્યારે અને રેલવે ફાટકની ભારે કનડગતભરી બની રહેલી સમસ્યાને કારણે નાના-મોટા વાહનોની લાંબી લચ કતારો અહી લાગી જતી હોય છે. કપચી-ડસ્ટ ભરેલી ભારવાહક ટ્રકો, અનાજ-કઠોળ વગેરે ભરેલા નાના-મોટા વાહનો તથા મુસાફર વાહનોની અહીં લાગી જતી કતારો છેક વિજ કંપનીની કચેરી સુધી ચક્કાજામ કરી દેતી હોય છે. પરંતુ અહીં ફરજ બજાવતા ટ્રાફિક બ્રિગેડના જવાનો જાણે કે, માત્ર મૂકપ્રેક્ષક બનીને અહીં જોઈ રહ્યા હોય છે.

તે જ રીતે શ્રી અંબાજી માતાજીના ચોકથી સુભાષચંદ્ર બોઝના બાવલા સુધીના તલોદના મુખ્ય બજારના આખા રોડ ઉપર પણ કાયમ માટે ટ્રાફિકની વરવી સ્થિતિ પેદા થતી હોય છે. અહીં બજારમાં પોલીસ ચોકી છે. જે લાગે છે કે માત્ર આરામગૃહ જેવી બની બેઠી છે. ચોકીની નજીક જ બેન્ક ઓફ બરોડા આગળ અને બેન્કથી કોલેજ તરફ જતા રોડ માર્ગ ઉપર પણ ટ્રાફિક જામના દશ્યો વારંવાર જોવા મળતા હોય છે. પરંતુ ચોકીમાં બેઠેલા ફરજ પરના કર્મીઓ કે ટાઉન જમાદાર વગેરેની નજર સુદ્ધા જાણે કે પડતી જ ના હોય તેવી દૂર્દશા થવા પામી છે.

ટ્રાફિક નિયમન માટે રોડ ઉપર આડેધડ પાર્ક કરવામાં આવતા વાહનો તથા યાતનારૂપ બનેલો લારીઓનો ખડકલો કાયમી આફતરૂપ બન્યો છે. તલોદ નગરપાલિકાનું તંત્ર અને પોલીસતંત્ર આ બાબતે તદ્દન નિષ્ક્રીય રહેતુ હોઈ તલોદ બજારની આ સમસ્યા દિનપ્રતિદિન ઘટનાને બદલે લગભગ ડબલ થઈ ગઈ છે. તંત્ર તાકિદે યોગ્ય નહિ કરે તો અકસ્માત થશે અને જાનહાની થશે તેવો દહેશતનો માહોલ પણ પેદા થયો છે.

## મોડાસાના રસુલપુર નજીક ઈકો વાન -ટેન્કર વચ્ચે ગમખ્વાર અકસ્માત

**સલાલ ગામે માતાજીના દર્શન કરી પરત ફરતા મુલેજના એકજ પરિવારના 3 ના મોત**





મોડાસા, તા. ૧૭

મોડાસા-હિંમતનગર રાજ્યધોરી માર્ગ પર મુલોજ (ડેરા ડુંગરી) પરિવારના સદસ્યો પ્રાંતિજ સલાલ ગામે માતાજીના દર્શન કરી ઈકો કારમાં પરત ફરતા રસુલપુર-મહાદેવપુરા નજીક કારને દૂધના ટેન્કરે ધડાકાભેર ટક્કર મારતા કારનો કડૂચાલો વળી ગયો હતો. કારમાં સવાર કાકા-ભત્રીજા સહીત એક જ પરિવારના ત્રણ સદસ્યો કાળનો કોળિયો બની ગયા હતા. કારમાં સવાર પરિવારના અન્ય ત્રણ લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલી મોડાસા રૂરલ પોલીસે ત્રણે મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મુલોજ (ડેરા-ડુંગરી) પટેલીયા પરિવારના ત્રણ સદસ્યોની અર્થી એક સાથે ઉઠતા ગામ આખું હીબકે ચઢ્યું હતું.

મોડાસા તાલુકાના મુલોજ (ડેરા-ડુંગરી) ગામના પટેલીયા પરિવારની ઈકો કારને ગમખ્વાર અકસ્માત નડતા ત્રણ લોકોના ઘટનાસ્થળે મોત નિપજતા હાહાકાર મચ્યો હતો. મુલોજ (ડેરા-ડુંગરી)ના એક જ પરિવારના સદસ્યો સોમવારે ઈકો કારમાં પ્રાંતિજના સલાલ ગામે નવરાત્રી નિમિત્તે માતાજીના દર્શન કરી રાત્રીના ૧૧:૩૦ કલાકે પરત મુલોજ આવતા રસુલપુર-મહાદેવપુર ગામ નજીક ઈકો-કાર (ગાડી.નં-જીજે.૩૧.એ. ૯૨૩૨) ને મોડાસા તરફથી આવતા દૂધ ટેન્કર (ગાડી.નં-જીજે.૦૯.એયુ.૧૭૮૪)ના ચાલકે ગફલતભરી રીતે હંકારી ટક્કર મારતા ઈકો કારમાં સવાર નાનજીભાઈ ભુરાભાઈ પટેલીયા, દિલીપભાઈ ડાહ્યાભાઈ પટેલીયા, મનુભાઈ હેમાભાઈ પટેલીયાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. કારમાં સવાર અન્ય વીરાભાઈ ગલાભાઈ પટેલીયા, નવલબેન વીરાભાઈ પટેલીયા અને શૈલેષભાઈ રમેશભાઈ પટેલીયાના શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. અકસ્માતની ઘટનાની જાણ મોડાસા રૂરલ પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ત્રણે મૃતકની લાશને પીએમ માટે ખસેડી બાલાભાઈ ધુળાભાઈ પટેલીયાની ફરિયાદના આધારે ટેન્કર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર ટેન્કર ડ્રાઈવરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ત્રણે મૃતકોની અર્થીઓ એક સાથે ઉઠતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી.

મૃતકમાં દિલીપભાઈ ડાહ્યાભાઈ પટેલના અગાઉ પિતા પણ માંદગીમાં મૃત્યુ નિપજતા માતા અને બે નાના ભાઈ-બહેનનું ગુજરાન ચલાવતા દિલીપનું પણ અકસ્માતમાં મોત નિપજતા પરિવારનો એકમાત્ર આધાર છીનવતા આઘાતમાં સરી પડ્યા હતા અને રોકકળ કરી મુકતા ભારે કરુણતીકા સર્જાઈ હતી.

## લાખણી તાલુકામાં ભાજપાના ઉમેદવારશ્રી પરબતભાઈને સર્વત્ર આવકાર

પાલનપુર

લોકસભાની ચૂંટણીનું પ્રચાર કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના લોકપ્રિય ઉમેદવારશ્રી પરબતભાઈ પટેલે આજે લાખણી તાલુકાના અસાસણ, દેસાલ ડુવા ગામોની મુલાકાત લઈને ભાજપાની ગુજરાત અને કેન્દ્ર સરકાની પ્રજા ક્લ્યાણ તથા ખેડૂતલક્ષી યોજનાઓની વિગતવાર માહિતી આપીને પુનઃ આ દેશના વડાપ્રધાન પદે શ્રી નરેન્દ્રભાઈ મોદી આરૂઢ થાય તે માટે બનાસકાંઠામાંથી પણ એક કમળ દિલ્હી મોકલવા જાહેર જનતાને અનુરોધ કર્યો હતો.

## પાલનપુરના ગઢ ગામે ભાજપની સભામાં પાટીદાર યુવાનોએ મચાવ્યો હોબાળો

**આગેવાનોએ વચ્ચે પડી મામલો થળે પાડ્યો**

પાલનપુર તાલુકાના ગઢ ગામે ભાજપની યોજાયેલી જાહેર સાભામાં પાટીદાર ઉપર કરાયેલા કેસ અને મૃત્યુ પામેલા યુવાનો મામલે પાટીદાર સમાજના કેટલાકા યુવાનોએ સભામાં હોબાળો મચાવતા સભામાં ઉત્તેજના પ્રસરી ગઈ હતી.ત્યારબાદ ગામના આગેવાનો વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો.

બનાસકાંઠામાં લોકસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે.ત્યારે ભાજપ -કોંગ્રેસ દ્વારા પ્રચાર પ્રસાર તેજ બનાવવામાં આવ્યો છે.ભાજપ દ્વારા પાલનપુર તાલુકાના ગઢ ગામે બનાસકાંઠા ભાજપના પ્રભારી દુષ્યંત પંડ્યા અને મહામંત્રી અમૃત દવેની ઉપસ્થિતીમાં જાહેરસભા યોજવામાં આવી હતી. જેથી પાટીદાર સમાજના યુવાનો ચાલુ સભામાં ઘસી આવ્યા હતા.અને અગાઉ પાટીદાર સમાજ ઉપર કરાયેલા કેસ અને અનામત આંદોલનમાં સહીદ થયેલા પાટીદર સમાજના યુવાનોના મામલે હોબાળો મચાવ્યો હતો.અને ચાલુ સભામાં નેતાઓ પાસેથી માઈક છીનવી આક્રોસ વ્યક્ત કર્યો હતો.ત્યારબાદ સ્થાનિક આગેવાનો વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો.ત્યારબાદ સભા ગણતરીની મીનિટોમાં આટોપી લેવામાં આવી હતી.

## ભાજપા જિલ્લા મહીલા મોરચાનું સઘન ડોર-ટુ-ડોર પ્રચારકાર્ય

પાલનપુર

ભારતીય જનતા પાર્ટીએ લોકસભા ચૂંટણીનું પ્રચારકાર્ય વેગવંતુ બનાવ્યું છે ત્યારે જિલ્લાનો મહીલા મોરચો પણ ડોર ટુ ડોર પ્રચાર કરીને ઉમેદવારશ્રી પરબતભાઈ પટેલને જંગી મતોથી વિજયી બનાવવા કમર કસી રહ્યો છે.

જિલ્લા મહીલા મોરચાના અધ્યક્ષા મીતાબેન સોનીની આગેવાનીમાં પૂર્વ ધારાસભ્ય શ્રીમતી રેખાબેન ખાણેશા, નગર પાલિકાના પૂર્વ પ્રમુખ શ્રીમતી હર્ષાબેન મહેશ્વરી, પરમેશ્વરીબેન, મીનાબેન ગેલોત અને મદીનાબેને આજે પાલનપુર શહેરના વોર્ડ નં ૩માં ડોર-ટુ-ડોર પ્રચાર કરીને મતદારોને મળ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતના વડાપ્રધાનપદે પુનઃ શ્રી નરેન્દ્રભાઈ મોદીને જોવા બનાસકાંઠાની જનતા આતુર છે ત્યારે મહીલા મોરચાની બહેનોની મહેનત પણ રંગ લાવશે અને તેમના પ્રચાર કાર્યને સર્વત્ર આવકાર મળી રહ્યો છે.

